# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે "શાકભાજી પાકોમાં બીજ ઉત્પાદન" અંતર્ગત સેમીનાર યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. મુવાલીયા ફાર્મ, દાહોદ અને રાષ્ટ્રીય બીજ નિગમ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે **કૃષિ કલ્યાણ અભિયાન** હેઠળ તા.૨૫/૨૬.૦૭.૨૦૧૮ના રોજ મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH) યોજના અંતર્ગત "**શાકભાજી પાકોમાં બીજ ઉત્પાદન**" પર બે દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે નાનુરામ યાદવ, ઇ/ચા. ગુજરાત, એન.એસ.સી., ગાંધીનગર, ડો. યુ. એમ. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, શ્રી એસ. એસ. શ્રીવાસ્તવ, એરીયા મેનેજર, એન.એસ.સી., ડો. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), ડો. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન), પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત), પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ), પ્રો. એન. ડી. મકવાણા વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન), શ્રી ચંદ્રપ્રકાશ, બીજ અધિકારી અને સાગરમલ સુતરીયા, બીજ અધિકારી, એન. એસ. સી., ઇડર હાજર રહેલ. કાર્યક્રમ દરમિયાન ડૉ. યુ. એમ. પટેલે બાગાયતી પાકોનો વ્યાપ અને વિસ્તાર વધારવા ખેડુતોને હાકલ કરી હતી, ડો. એસ. કે. પટેલ દ્વારા શાકભાજી પાકોમાં ટપક સિંચાઇ પધ્ધતિની ઉપયોગીતા અને દેખરેખ, પ્રો. એચ. એલ. કાચાએ શાકભાજી પાકોમાં બીજ ઉત્પાદન પધ્ધતિઓ, પ્રો. જી. કે. ભાભોરે બાગાયતલક્ષી તાલીમોની અગત્યતા અને પ્રો. એન. ડી. મકવાણા દ્વારા જમીન ચકાસણીનુ મહત્વ અને નમુના લેવાની પધ્ધતિ વિશે વિસ્તૃત માહિતી આપેલ હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૧૫ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.






કાર્યક્રમ ઉદ્દઘાટન

ડૉ. યુ. એમ. પટેલનું ઉદ્દબોધન







ડૉ. એસ. કે. પટેલનું ઉદ્દબોધન

ડો. એસ. કે. પટેલનું ઉદ્દબોધન





પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન




પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



ઉત્સાહભેર ભાગ લીધેલ ખેડુતભાઇઓ